# પ્રારંભિક વાત....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

**બંદએ પરવરદિગારમ્ – ઉમ્મતે અહમદ નબી** صلی اللہ تعالیٰ علیہ وسلم
**દોસ્ત દારમ્ ચાર યાર – તાબેઅે ઔલાદે અલી** کرم اللہ وجہہ الکریم
**મઝહબે હનફિયા દારમ્ – મિલ્લતે હઝરતે ખલીલ**
**ખાકપાએ ગૌષે આ'ઝમ – ઝેરે સાયા હર વલી**

અલ્હમ્દુલિલ્લાહ ! અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરત, સુન્નીઓની દરેક માન્યતા તથા દરેક અકીદા તથા અમલો એ કુર્આન, હદીષ, ઉલમાના અક્વાલની દલીલોથી સજ્જ છે. દરેક મામલામાં ખરાને ખરુ અને ખોટાને ખોટુ દર્શાવી આપેલ છે. અલ્લાહના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم નું નામે પાક સાંભળીને અંગૂઠા ચૂમવા વિશેનો અમલ પણ એ જ પ્રમાણે શરીઅતની દલીલોથી પુરવાર થયેલ છે. અને સહાબાના યુગથી અહલે સુન્નત વ જમાઅતનો એના પર અમલ છે. પણ બુરુ થાય નજદિયત વહાબિયત, દેવબંદિયતનું કે એમણે શિર્ક બિદઅતના એવા ચશ્મા પહેરેલા છે કે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની મહોબ્બતના વિશેના તથા આપની તાઝીમ વિશે કોઈ પણ અમલમાં 'શિર્ક' તથા 'બિદઅત' દેખાવા લાગે છે !

**શિર્ક ઠહરે જિસમેં તાઝીમે રસૂલ–ઉસ બુરે મઝહબપે લા'નત કીજિએ**

*–(આ'લા હઝરત)*

જેથી પ્રસ્તૂત કિતાબ 'અંગૂઠા ચૂમવા વિશે મસ્અલો' સુન્ની જમાઅતના મશહૂર ખતીબે આ'ઝમ તથા શાનદાર લેખક **હઝરત અલ્લામા મુહમ્મદ શફીઅ ઓકાળવી** رحمۃ اللہ علیہએ રજૂ કરી છે જેમાં અનેક દલીલો હદીષોની તફસીરની કિતાબોથી, સલફે સાલિહીનના અક્વાલ તથા અમલોથી મસ્અલાને ધોળા દિવસ જેમ ચમકતો સ્પષ્ટ કરી આપ્યો છે, જેનાથી સુન્નીઓના દિલની કળીઓ ખીલી ઉઠે છે અને વહાબી દેવબંદીઓના કિલ્લામાં માતમ છવાય જાય છે.

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمની મહોબ્બત ઈમાનની જાન છે અને મહબ્બતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلمનો તકાઝો છે કે નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلمની અદબ તથા તાઝીમ દરેક રીતે કરવામાં આવે, આપના ફર્માનોની તાઝીમ કરવામાં આવે, એટલે કે તેની અવગણના ન કરવામાં આવે બલ્કે તેના પર ચોકસાઈથી અમલ કરવામાં આવે, આપની સુન્નતોની તાઝીમ કરવામાં આવે, આપનાં તબર્રુકાતની તાઝીમ કરવામાં, આપની અહલે બયતની તાઝીમ કરવામાં આવે તો આપના નામે પાકની પણ અંગૂઠા ચૂમીને તાઝીમ કરવામાં આવે.

**ફિરકે ગલી ગલી તબાહ ઠોકરેં સબ કી ખાએં કયૂં**
**દિલકો જો અક્લે દે ખુદા તેરી ગલીસે જાએં કયૂં**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

૦૯–ઝિલ કઅદ, હિ.સ. ૧૪૪૦, અંગ્રેજી તા. ૧૩–૦૭–૨૦૧૯, શનિવાર

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ
نَحۡمَدُہٗ وَنُصَلِّیۡ عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ و علی آلہ وصحبہ اجمعین

હુઝૂર પૂરનૂર શફીએ યૌમુન્નુશૂર ﷺનું નામે પાક અઝાનમાં સાંભળતી વખતે અંગૂઠા અથવા શહાદતની આંગળીઓ ચૂમીને આંખોથી લગાડવી કત્અન (નિશ્ચિતરૂપે) જાઈઝ તથા મુસ્તહબ અને ખૂબ રહ્મત તથા બરકતનો સબબ છે. એના જાઈઝ હોવા બાબતે ખૂબ જ પ્રમાણમાં દલીલો મૌજૂદ છે અને મનાઈ માટે કોઈ દલીલ મૌજૂદ નથી★. અમુક દલીલો વાંચકો સમક્ષ હાજર છે.

**૧.** ફાઝિલે જલીલ અલ્લામતુલ કામિલ શૈખ ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہ પોતાની વિશ્વ વિખ્યાત "તફસીરે રૂહુલ બયાન"માં ફર્માવે છે : "કસસુલ અંબિયા વગેરે કિતાબોમાં છે કે જ્યારે હઝરત આદમ علیہ السلامને જન્નતમાં હઝરત મુહમ્મદ ﷺની મુલાકાતનો શોખ થયો તો અલ્લાહ તઆલાએ તેમની તરફ વહી મોકલી કે તે તમારા વંશવેલામાં આખર જમાના જાહેર થશે. તો હઝરત આદમ علیہ السلامએ આપની મુલાકાતનો સવાલ કર્યો તો અલ્લાહ તઆલાએ આદમ علیہ السلامના જમણા હાથની કલમાની આંગળીમાં નૂરે મુહમ્મદી ﷺ

وَفِیۡ قَصَصِ الۡاَنۡبِیَآءِ وَغَیۡرِھَا اَنَّ اٰدَمَ عَلَیۡہِ السَّلَامُ اشۡتَاقَ اِلٰی لِقَآءِ مُحَمَّدٍ ﷺ حِیۡنَ کَانَ فِی الۡجَنَّۃِ فَاَوۡحَی اللّٰہُ تَعَالٰی اِلَیۡہِ ھُوَ مِنۡ صُلۡبِکَ وَیَظۡھَرُ فِیۡ اٰخِرِ الزَّمَانِ فَسَاَلَ لِقَآءَ مُحَمَّدٍ ﷺ حِیۡنَ کَانَ فِی الۡجَنَّۃِ فَاَوۡحَی اللّٰہُ تَعَالٰی اِلَیۡہِ فَجَعَلَ اللّٰہُ النُّوۡرَ الۡمُحَمَّدِیَّ فِیۡ اِصۡبَعِہِ الۡمُسَبِّحَۃِ مِنۡ یَّدِہِ الۡیُمۡنٰی فَسَبَّحَ ذٰلِکَ النُّوۡرُ فَلِذٰلِکَ سُمِّیَتۡ تِلۡکَ الۡاِصۡبَعُ مُسَبِّحَۃً کَمَا فِی الرَّوۡضِ الۡفَائِقِ

★ *આ મસ્અલાને વિસ્તારપૂર્વક સમજવા મુનીરુલ અયન ફી હુકમે તક્બીલિલ ઈબ્હામૈન" લેખક : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ તથા "જાઅલ હક્ક" અઝ : મુફ્તી અહમદ યારખાં رضی اللہ عنہનો કરવો.*

اَوْاَظْهَرَاللّٰهُ تَعَالٰى جَمَالَ حَبِيْبِهٖ فِىْ صِفَاءِ ظَفْرَىْ اِبْهَامَيْهِ مِثْلُ الْمِرْاٰةِ فَقَبَّلَ اٰدَمُ ظَفْرَىْ اِبْهَامَيْهِ وَمَسَحَ عَلٰى عَيْنَيْهِ فَصَارَا اَصْلًا لِّذُرِّيَّتِهٖ فَلَمَّا اَخْبَرَ جِبْرِيْلُ النَّبِىَّ ﷺ بِهٰذِهِ الْقِصَّةَ قَالَ عَلَيْهِ السَّلَامُ مَنْ سَمِعَ اِسْمِىْ فِى الْاَذَانِ فَقَبَّلَ ظَفْرَىْ اِبْهَامَيْهِ وَمَسَحَ عَلٰى عَيْنَيْهِ لَمْ يَعْمِ اَبَدًا۔

ચમકાવ્યું તો એ નૂરે તસ્બીહ પઢી. એના કારણે એ આંગળીનું નામ કલમાની આંગળી પડયું. જેવું કે રૌઝુલ ફાઈકમાં છે. અને અલ્લાહ તઆલાએ પોતાના હબીબના જમાલે મુહમ્મદી ﷺને હઝરત આદમ علیہ السلامના બંનેવ અંગૂઠાઓના નખોમાં આઈના જેમ જાહેર કરી આપ્યું તો હઝરત આદમ علیہ السلامએ પોતાના અંગૂઠાના નખોને ચૂમીને આંખો પર ફેરવ્યા. જેથી આ સુન્નત તેમની ઔલાદમાં ચાલુ થઈ. પછી જ્યારે જિબ્રીલે અમીને નબી કરીમ ﷺને એની ખબર આપી તો આપે ફર્માવ્યું, જે શખ્સ અઝાનમાં મારુ નામ સાંભળે અને પોતાના અંગૂઠાના નખોને ચૂમીને આંખોથી લગાડે તે કદી આંધળો થશે નહીં. *(રૂહુલ બયાન, ૪/૬૪૯)*

**૨.** એ જ તફસીરે રૂહુલ બયાનમાં છે કે :–

"મોહીતમાં લાવવામાં આવેલ છે કે પયગંબર ﷺ મસ્જિદમાં તશરીફ લાવ્યા અને એક થાંભલા નજીક બેસી ગયા. હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ પણ આપની સાથમાં બેઠેલા હતા. હઝરત બિલાલ رضی اللہ عنہએ ઉઠીને અઝાન આપવી શરૂ કરી. જ્યારે તેમણે "અશ્હદુ અન્ન મુહમ્મદુર્રસૂલુલ્લાહ" કહ્યું, તો હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہએ પોતાના બંનેવ અંગૂઠાઓના નખોને પોતાની બંને આંખો પર રાખ્યા અને કહ્યું : قُرَّةُ عَيْنِىْ بِكَ يَارَسُوْلَ اللّٰهِ "યા રસૂલલ્લાહ ! ﷺ મારી આંખો આપ(ના નામ)થી ઠંડી રહે." જ્યારે હઝરત બિલાલ رضی اللہ عنہ અઝાન આપી ચૂક્યા તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હે અબૂબક્ર ! જે શખ્સ આવુ કરશે જેવું કે તમે કર્યું છે, તો ખુદા તઆલા તેના તમામ ગુનાહોને બખ્શી આપશે. *(રૂહુલ બયાન)*

**૩.** અને હઝરત શયખ ઈમામ અબૂ તાલિબ મુહમ્મદ બિલ અલી મક્કી رحمۃ اللہ علیہ (અલ્લાહ એમના દરજાઓ બુલંદ ફર્માવે) પોતાની કિતાબ કુવ્વતુલ કુલૂબમાં ઈબ્ને ઓયૈનાથી રિવાયત કરે છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام નમાઝે જુમ્આ અદા કરવા માટે મુહર્રમની દસમી તારીખે મસ્જિદમાં તશરીફ લાવ્યા અને એક થાંભલાની નજીક બેસી ગયા. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ (અઝાનમાં હુઝૂર صلی اللہ علیہ وسلمનું નામ સાંભળીને) પોતાના બંનેવ અંગૂઠાઓના નખોને પોતાની આંખો પર ફેરવ્યા અને કહ્યું, قُرَّةُ عَيْنِيْ بِكَ يَارَسُوْلَ اللّٰهِ જ્યારે હઝરત બિલાલ رضی اللہ عنہ અઝાનથી ફારિગ થઈ ગયા તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યુ, હે અબૂબક્ર ! જે શખ્સ તમારી જેમ મારું નામ સાંભળીને અંગૂઠા આંખો પર ફેરવે અને જે તમે કહ્યું તે કહે તો ખુદા તઆલા તેના સર્વ નવા તથા જૂના, જાહેર તથા છુપા ગુનાહોથી દરગુઝર ફર્માવશે. *(તફસીરે રૂહુલ બયાન, ૪/૬૪૮)*

**૪.** અલ્લામા ઈમામ શમ્સુદ્દીન સખાવી رحمۃ اللہ علیہ દયલમીના હવાલાથી નક્લ કરે છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ

لَمَّا سَمِعَ قَوْلَ الْمُؤَذِّنِ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَسُوْلُ اللّٰهِ قَالَ هٰذَا وَقَبَّلَ بَاطِنَ الْاَنْمُلَتَيْنِ السَّبَّابَتَيْنِ وَمَسَحَ عَلٰى عَيْنَيْهِ فَقَالَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ فَعَلَ مِثْلَ مَا فَعَلَ خَلِيْلِيْ فَقَدْ حَلَّتْ لَهُ شَفَاعَتِيْ۔

જ્યારે મોઅઝ્ઝિનને "અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ" કહેતાં સાંભળ્યા તો એ જ કહ્યું અને પોતાની શહાદતની આંગળીઓના બેડકાં નીચેની બાજુથી ચૂમીને આંખોથી લગાડયાં. તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જે શખ્સ મારા આ પ્યારા દોસ્તની જેમ કરશે તેના માટે મારી શફાઅત હલાલ થઈ ગઈ.

*–(અલ્મક્રાસિદુલ હસના ફીલ્ અહાયષિદ્દાઈરતિ અલ્સ્સુન્નહ)*

**૫.** આ જ ઈમામ સખાવી હઝરત અબુલ આસ અહમદ બિન અબૂબક્ર અર્રુદાદ યમાનીની કિતાબ "મુજબાતુર્રહમહ વ અઝાઈમિલ્ મગ્ફિરહ"થી નક્લ ફર્માવે છે કે હઝરત ખિઝર علیہ السلامએ ફર્માવ્યું :–

مَنْ قَالَ حِيْنَ يَسْمَعُ الْمُؤَذِّنَ

જે શખ્સ મોઅઝ્ઝિનથી 'અશ્હદુ

يَقُوْلُ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ مَرْحَبًا بِحَبِيْبِىْ وَقُرَّةِ عَيْنِىْ مُحَمَّدِ بْنِ عَبْدِ اللّٰهِ ثُمَّ يُقَبِّلُ اِبْهَامَيْهِ وَيَجْعَلُهُمَا عَلٰى عَيْنَيْهِ لَمْ يَرْمَدْ اَبَدًا۔

અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ' સાંભળીને કહે, ''મરહા બિહ઼બીબી વકુર્રતિ અ઼યની મુહમ્મદિબ્નિ અબ્દુલ્લાહ ﷺ.'' પછી અંગૂઠા ચૂમીને આંખો પર રાખે, તેની આંખો કદી દુ:ખશે નહીં.

*–(અલ્ મક઼ાસિદુલ હસનહ)*

**૬.** એ જ ઈમામ સખાવી, ફક઼ીહ મુહમ્મદ ઈબ્ને સઈદ ખૌલાની رحمۃ اللہ علیہથી રિવાયત કરે છે કે સૈયદના હઝરત ઈમામ હસન رضی اللہ عنہએ ફર્માવ્યું :

مَنْ قَالَ حِيْنَ يَسْمَعُ الْمُؤَذِّنَ يَقُوْلُ اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ مَرْحَبًا بِحَبِيْبِىْ وَقُرَّةِ عَيْنِىْ مُحَمَّدِ بْنِ عَبْدِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَيُقَبِّلُ اِبْهَامَيْهِ وَيَجْعَلُهُمَا عَلٰى عَيْنَيْهِ لَمْ يَعْمَ وَلَمْ يَرْمَدْ

''જે શખ્સ મોઅઝ્ઝિનથી 'અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ' સાંભળીને કહે 'મર્હબા બિ હ઼બીબી વ કુર્રતુ અ઼યની મુહમ્મદ બિન અબ્દુલ્લાહ' ﷺ. પછી બંનેવ અંગૂઠા ચૂમીને આંખો પર રાખે, તે કદી આંધળો ન થશે, અને ન તેની આંખો કદી દુ:ખશે.''

*–(અલ્ મક઼ાસિદુલ હસના)*

**૭.** એ જ ઈમામ સખાવી, શમ્સુદ્દીન ઈમામ મુહમ્મદ બિન સાલેહ મદનીની તારીખથી નક઼લ ફર્માવે છે કે તેમણે ફર્માવ્યું, મેં હઝરત મજદ મિસ્રીને જેઓ કામિલીને સાલિહીનમાંથી હતા, ફર્માવતાં સાંભળ્યું કે :–

مَنْ صَلّٰى عَلَى النَّبِىِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اِذَا سَمِعَ ذِكْرَهٗ فِى الْاَذَانِ وَجَمَعَ اِصْبَعَيْهِ الْمُسَبِّحَةِ وَالْاِبْهَامَ وَقَبَّلَهُمَا وَمَسَحَ بِهِمَا عَلٰى عَيْنَيْهِ لَمْ يَرْمَدْ اَبَدًا۔

''જે શખ્સ નબી કરીમ ﷺનો ઝિક્રે પાક અઝાનમાં સાંભળીને દુરૂદ મોકલે, અને કલમાની આંગળીઓ તથા અંગૂઠા મિલાવીને તેમને બોસો આપે અને આંખો પર ફેરવે તેની આંખો કદી દુ:ખશે નહીં.

*(અલ્ મક઼ાસિદુલ હસના)*

**૮.** એ જ ઈમામ સખાવી, એ જ ઈમામ મુહમ્મદ બિન સાલેહની તારીખથી

નક્લ ફર્માવે છે કે તેમણે ફર્માવ્યું, ઈરાક્ના ઘણા બધા મશાઈખથી મરવી છે કે જ્યારે અંગૂઠા ચૂમીને આંખો પર ફેરવે તો આ દુરૂદ શરીફ પઢે :–

صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا سَيِّدِىْ يَا رَسُولَ اللّٰهِ يَا حَبِيْبَ قَلْبِىْ وَيَا نُوْرَ بَصَرِىْ وَيَا قُرَّةَ عَيْنِىْ

**"સલ્લલ્લાહુ અલૈક યા સૈયદી યા રસૂલલ્લાહ ! યા હબીબિ ક્લ્બી વ યાનૂર બસરી વ યા કુર્રતુ અ્યની"**

ઈન્શા અલ્લાહ ! કદી આંખો દુ:ખશે નહીં અને આ અજમાવાયેલ છે. એના પછી ઈમામ મઝકૂર ફર્માવે છે કે જ્યારથી મેં સાંભળ્યું ત્યારથી આ મુબારક અમલ કરું છું. તો આજ સુધી મારી આંખો ન દુ:ખી છે અને ન ઈન્શા અલ્લાહ ! દુ:ખશે. *(અલ્મક્રાસિદુલ હસના)*

૯. આ જ ઈમામ સખાવી, ઈમામ તાઉસથી નકલ ફર્માવે છે કે તેમણે શમ્સુદ્દીન મુહમ્મદ બિન અબી નસ્ર બુખારીએ ખ્વાજએ હદીદથી આ હદીષ મુબારક સાંભળીને ફર્માવ્યું :–

مَنْ قَبَّلَ عِنْدَ سِمَاعِهٖ مِنَ الْمُؤَذِّنِ كَلِمَةَ الشَّهَادَةِ ظُفْرَىْ اِبْهَامَيْهِ وَمَسَحَهُمَا عَلٰى عَيْنَيْهِ وَقَالَ عِنْدَ الْمَسِّ اَللّٰهُمَّ احْفَظْ حَدَقَتَىَّ وَنَوِّرْهُمَا بِبَرَكَةِ حَدَقَتَىْ مُحَمَّدٍ رَّسُوْلِ اللّٰهِ ﷺ وَنُوْرِهِمَا لَمْ يَعْمَ

"જે શખ્સ મોઅઝ્ઝિનથી શહાદતનો કલ્મો સાંભળીને અંગૂઠાના નખો ચૂમે અને આંખો પર ફેરવે અને આ પ્રમાણે પઢે :–

اَللّٰهُمَّ احْفَظْ حَدَقَتَىَّ وَ نُوْرَ هُمَا بِبَرَكَةِ حَدَقَتَىْ مُحَمَّدٍ رَّسُوْلِ اللّٰهِ ﷺ وَنُوْرِهِمَا

**"અલ્લાહુમ્મહ્ ફઝ્ હ્દક્તૈય વ નૂર હુમા બિબરકતિ હદક્તય્ મુહમ્મદિર્રસૂલિલ્લાહ ﷺ વનૂરિહિમા"** તે કદી આંધળો થશે નહીં.

–*(અલ્મક્રાસિદુલ હસના)*

૧૦. શરહે વક્રાયામાં છે :–

જાણી લો કે બેશક ! અઝાનની પ્રથમ

وَاعْلَمْ اَنَّهٗ يُسْتَحَبُّ اَنْ يُّقَالَ

عِنْدَ سِمَاعِ الْاُوْلٰی مِنَ الشَّھَادَۃِ صَلَّی اللّٰہُ عَلَیْكَ یَا رَسُوْلَ اللّٰہِ وَ عِنْدَ الثَّانِیَۃِ مِنْھَا قُرَّۃُ عَیْنِیْ بِكَ یَا رَسُوْلَ اللّٰہِ ثُمَّ یَقَالُ اَللّٰھُمَّ مَتِّعْنِیْ بِالسَّمْعِ وَالْبَصَرِ بَعْدَ وَضْعِ ظَفَرَیِ الْاِبْھَامَیْنِ عَلَی الْعَیْنَیْنِ فَاِنَّہٗ ﷺ یَكُوْنُ لَہٗ قَائِدًا اِلَی الْجَنَّۃِ۔

શહાદતને સાંભળવા પર "સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ! ﷺ" અને બીજી શહાદતના સાંભળવા પર "કુર્રતુઐયની બિક યા રસૂલલ્લાહ ! ﷺ" કહેવું મુસ્તહબ છે. આ બાજુ પોતાના અંગૂઠાના નખો (ચૂમીને) પોતાની આંખો પર રાખે અને કહે : **"اَللّٰھُمَّ مَتِّعْنِی بِالسَّمْعِ وَالْبَصَرِ અલ્લાહુમ્મ મત્તિઅ્ની બિસ્સમ્ઈ વલ્બસર"** તો હુઝૂર ﷺ એવું કરવાવાળાને પોતાની પાછળ પાછળ જન્નતમાં લઈ જશે.

**૧૧.** અલ્લામા શામી رحمۃ اللہ علیہ રદ્દુલ મુહતાર શરહે દુર્રે મુખ્તારમાં આ જ લખાણ લખીને ફર્માવે છે કે :–

كذا فی كنز العباد قهستانی ونحوه فی الفتاوی الصوفيه وفی كتاب الفردوس مَنْ قَبَّلَ ظَفَرَیْ اِبْھَامَیْہِ عِنْدَ سِمَاعِ اَشْھَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہِ فِی الْاَذَانِ اَنَا قَائِدُہٗ وَمُدْخِلُہٗ فِیْ صُفُوْفِ الْجَنَّۃِ وَتَمَامُہٗ فِیْ حَوَاشِیْ الْبَحْرِ لِلرَّمْلِیْ

"આવું કન્ઝુલ એબાદ તથા ઈમામ કુસ્તલાનીમાં અને એના જ જેમ ફતાવા સૂફિયહમાં છે, અને કિતાબુલ ફિરદોસમાં છે કે જે શખ્સ અઝાનમાં "અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ" સાંભળીને પોતાના અંગૂઠાના નખોને ચૂમે (તેના વિશે હુઝૂર ﷺનું ફર્માન છે કે) હું એનો કાઈદ (સરદાર) બનીશ અને તેને જન્નતની સફોમાં દાખલ કરીશ. એની સંપૂર્ણ ચર્ચા બહરુર્રાઈક્ના હાશિયા, રમલીમાં છે.

*–(રદ્દુલ મુહ્તાર શરહે દુર્રે મુખ્તાર, ૧/૩૭૦)*

**૧૨.** રઈસુલ ફુકહા અલ્હનફિયહ અલ્લામા તહતાવી رحمۃ اللہ علیہ શરહે મરાકિયુલ ફલાહમાં આ જ લખાણ તથા દયલમીની હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ વાળી મરફૂઅ હદીષ નક્લ કરીને ફર્માવે છે :

وَكَذَا رُوِىَ عَنِ الْخِضْرِ عَلَيْهِ السَّلَامِ وَبِمِثْلِهِ يُعْمَلُ فِى الْفَضَائِلِ

"અને એ જ પ્રમાણે હઝરત ખિઝર عليه السلامથી પણ રિવાયત કરવામાં આવેલ છે. અને ફઝાઈલે આમાલમાં આ હદીષો પર અમલ કરવામાં આવે છે." *(અત્તહ્‌તાવી અલા મરાકીયુલ ફલાહ, પેજ–૧૧૧)*

**૧૩.** અલ્લામા ઈમામ કુહિસ્તાની શરહુલ કબીરમાં કન્ઝુલ ઈબાદથી નકલ કરે છે :–

اِعْلَمْ اَنَّهٗ يُسْتَحَبُّ عِنْدَ سَمَاعِ الْاُوْلٰى مِنَ الشَّهَادَةِ الثَّانِيَةِ صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ وَعِنْدَ سَمَاعِ الثَّانِيَةِ قُرَّةُ عَيْنِىْ بِكَ يَا رَسُوْلَ اللّٰهِ ثُمَّ يُقَالُ اَللّٰهُمَّ مَتِّعْنِىْ بِالسَّمْعِ وَالْبَصَرِ بَعْدَ وَضْعِ ظَفْرَىِ الْاِبْهَامَيْنِ عَلَى الْعَيْنَيْنِ فَاِنَّهٗ ﷺ يَكُوْنُ قَائِدًا لَّهٗ اِلَى الْجَنَّةِ۔

"જાણી લો ! બેશક ! અઝાનની પ્રથમ શહાદત સાંભળવા પર "સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ ! ﷺ" તથા બીજી શહાદત સાંભળવા પર "કુર્રતુ અયની બિક યા રસૂલલ્લાહ ! ﷺ" કહેવું મુસ્તહબ છે. પછી પોતાના અંગૂઠાના નખો (ચૂમીને) પોતાની આંખો પર રાખે અને કહે : اَللّٰهُمَّ مَتِّعْنِىْ بِالسَّمْعِ وَالْبَصَرِ **"અલ્લાહુમ્મ મત્તિઅ્‌ની બિસ્સમઈ વલ્બસર"** તો હુઝૂર ﷺ એવું કરવાવાળાને પોતાની પાછળ પાછળ જન્નતમાં લઈ જશે." *(શરહુલ કબીર)*

**૧૪/૧૫.** શાફઈ મઝહબની મશહૂર કિતાબ "એઆનતુત્તાલિબીન અલા હલ્લિલ્ફાઝિ ફતહિલ મુબીન"ના પેજ ૨૪૮ અને માલિકી મઝહબની મશહૂર કિતાબ "કિફાયતુત્તાબિર્રબ્બાની લિ રિસાલતિબ્નિ અબી ઝયદિલ્ કીર્વાની"ના પેજ–૧૬૯ પર છે કે જ્યારે અઝાનમાં હુઝૂર ﷺનું નામ સાંભળે તો દુરૂદ શરીફ પઢે.

ثُمَّ يُقَبِّلُ اِبْهَامَيْهِ وَيَجْعَلُهُمَا عَلٰى عَيْنَيْهِ لَمْ يَعْمَ وَلَمْ يَرْمَدْ اَبَدًا۔

પછી અંગૂઠા ચૂમે અને તેમને આંખો પર રાખે તો ન કદી આંધળો થશે અને ન કદી આંખો દુ:ખશે.

**૧૬.** શયખુલ મશાઈખ, રઈસુલ મોહક્કિક઼ીન, સૈયદુલ ઉલમા અલ હનફિયહ બિ મક્કતિલ મુકર્રમા મૌલાના જમાલ બિન અબ્દુલ્લાહ બિન ઉમર મક્કી رحمۃ اللہ علیہ પોતાના ફતાવામાં ફર્માવે છે કે :–

"મને સવાલ થયો કે અઝાનમાં હુઝૂર ﷺના નામ મુબારકના ઝિક્રના સમયે અંગૂઠા ચૂમવા અને આંખો પર રાખવા જાઈઝ છે કે નહીં ? મેં આ શબ્દોમાં જવાબ આપ્યો કે હા ! અઝાનમાં હુઝૂરે અક઼્દસ ﷺનું નામ મુબારક સાંભળીને અંગૂઠા ચૂમવા અને આંખો પર રાખવા જાઈઝ છે, બલ્કે મુસ્તહબ છે. આપણા મઝહબના મશાઈખે એના મુસ્તહબ હોવાની સ્પષ્ટતા કરી છે." *(મુનીરુલ અ઼યન ફી હુકિમ તક઼બીલિલ ઈબ્હામૈન, પેજ–૧૪)*

سُئِلْتُ عَنْ تَقْبِيْلِ الْاِبْهَامَيْنِ وَ وَضْعِهِمَا عَلَى الْعَيْنَيْنِ عِنْدَ ذِكْرِ اسْمِهٖ ﷺ فِى الْاَذَانِ هَلْ هُوَ جَائِزٌ اَمْ لَا اُجِبْتُ بِمَا نَصَّهٗ نَعَمْ تَقْبِيْلُ الْاِبْهَامَيْنِ وَ وَضْعُهُمَا عَلَى الْعَيْنَيْنِ عِنْدَ ذِكْرِ اسْمِهٖ ﷺ فِى الْاَذَانِ جَائِزٌ بَلْ هُوَ مُسْتَحَبٌّ صَرَّحَ بِهٖ مَشَائِخُنَا -

**૧૭.** અશ્શયખુલ આલમ અલ મુફસ્સિર અલ્લામા નૂરૂદ્દીન અલ ખુરાસાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું હૂઝૂર ﷺનું નામ મુબારક અઝાનમાં સાંભળીને અંગૂઠા ચૂમ્યા કરતો હતો, પછી છોડી આપ્યું. તો મારી આંખો બીમાર થઈ ગઈ :–

"તો મેં હુઝૂર ﷺને ખ્વાબમાં જોયા. ફર્માવ્યું, તેં અઝાનના સમયે અંગૂઠા ચૂમીને આંખો પર લગાડવું કેમ છોડી આપ્યું ? જો તું ચાહે છે કે તારી આંખો ઠીક થઈ જાય, તો એ અમલ ફરીથી શરૂ કરી આપ. પછી હું જાગ્યો અને એ અમલ શરૂ કરી આપ્યો તો મારી આંખો ઠીક થઈ ગઈ, અને ત્યાર પછીથી આજ સુધી એ બીમારી નથી થઈ."

*(નહજુસ્સલામતિ ફી તક઼બીલિલ ઈબ્હામૈનિ ફિલ ઈક઼ામહ, પેજ–૪)*

فَرَأَيْتُهٗ ﷺ مَنَامًا فَقَالَ لِمَ تَرَكْتَ مَسْحَ عَيْنَيْكَ عِنْدَ الْاَذَانِ اِنْ اَرَدْتَّ اَنْ تَبْرَأَ عَيْنَاكَ فَعُدْ اِلَى الْمَسْحِ فَاسْتَيْقَظْتُ وَمَسَحْتُ فَبَرِئْتُ وَلَمْ يُعَاوِدْنِىْ مَرَضُهُمَا اِلَى الْاٰنِ -

(نہج السلامہ فی تقبیل الابہامین فی الاقامہ صفحہ ۴)

**૧૮.** હઝરત વહબ બિન મુનબ્બિહ رضی اللہ عنہ ફર્માવે છે કે બની ઈસ્રાઈલમાં એક શખ્સ હતો જેણે બસો વરસ અલ્લાહ તઆલાની નાફર્માનીમાં પસાર કર્યાં હતાં. જ્યારે તે મરી ગયો તો લોકોએ તેને ગંદકીની જગાએ (ઉકરડા)માં ફેંકી દીધો. તો અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને વહી કરી કે તેને ત્યાંથી ઉઠાવો અને એના પર નમાઝ પઢો. મૂસા علیہ السلامએ અર્ઝ કરી, હે મારા પરવરદિગાર ! બની ઈસ્રાઈલ તેના નાફર્માન હોવાની ગવાહ આપે છે. ઈર્શાદ થયો, એ બરાબર છે :

اِلَّا اَنَّهٗ كَانَ كُلَّمَا نَشَرَ التَّوْرَاةَ وَنَظَرَ اِلٰى اِسْمِ مُحَمَّدٍ صلی اللہ علیہ وسلم قَبَّلَهٗ وَوَضَعَهٗ عَلٰى عَيْنَيْهِ وَصَلّٰى عَلَيْهِ فَشَكَرْتُ ذٰلِكَ لَهٗ وَغَفَرْتُ ذُنُوْبَهٗ وَزَوَّجْتُهٗ سَبْعِيْنَ حُوْرَاءَ

"પણ એની આદત હતી કે જ્યારે તે તૌરાત ખોલતો અને હઝરત મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)ના નામે પાકને જોતો તો તે નામને ચૂમીને આંખોથી લગાડી લેતો અને દુરૂદ મોકલતો. તો મેં એનો એ હક્ક માન્યો અને તેના ગુનાહોને બખ્શી આપ્યા, અને ૭૦ હૂરો તેના નિકાહમાં આપી." *–(હિલ્યુલ અવલિયા, અબૂ નુએમ, ૪/૪૪, સીરતુલ હિલ્યહ, ૧/૮૫)*

**૧૯.** સૈયદુલ આરિફીન હઝરત મૌલાના રૂમ رحمۃ اللہ علیہ "મષ્નવી શરીફ"માં ફર્માવે છે :–

(અર્થ) : ઈન્જીલમાં હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلمનું નામ મુબારક લખેલ હતું, તે મુસ્તફા જે પયગંબરોના સરદાર અને બહરે સફા છે. તેમજ આપની શારીરિક ખૂબીઓ, શકલ તથા શમાઈલ, જેહાદ કરવા, રોઝા રાખવા અને ખાવા પીવાનો હાલ પણ દર્શાવેલ હતો. ઈસાઈઓની એક જમાઅત જ્યારે એ નામે પાક અને ખિતાબ મુબારક (સંબોધન) પર પહોંચતી તો એ લોકો સવાબના હેતુથી એ અચ્છાઈ કરતા કે એ નામ શરીફને બોસો આપતા અને એ ઝિક્ર મુબારક પર તાઝીમના રૂપે મોં રાખી દેતા. (આ તાઝીમના સબબ) તેમનો વંશવેલો ખૂબ જ વધી ગયો અને હઝરત અહમદ صلی اللہ علیہ وسلمનું નૂર મુબારક (દરેક મામલામાં) તેમનું મદદગાર તથા સાથી બની ગયું. અને નસરાનીઓનો તે બીજો ગિરોહ હઝરત અહમદ صلی اللہ علیہ وسلمના નામે મુબારકની બેકદરી કર્યા કરતું હતું. તો એ

લોકો ઝલીલોખાર (બેઈજ્જત) થઈ ગયા, પોતાના અસ્તિત્વથી પણ મેહરૂમ થઈ ગયા. (કે કત્લ કરવામાં આવ્યા) અને મઝહબથી પણ મેહરૂમ થઈ ગયા. (એટલે અકીદા બગડી ગયા)

જ્યારે હઝરત અહમદ ﷺનું નામ મુબારક આવી મદદ કરે છે તો યાદ કરો કે આપનું નૂરે પાક કેટલા પ્રમાણમાં મદદ કરી શકે છે. જ્યારે હઝરત અહમદ ﷺનું નામ મુબારક જ હિફાઝતના માટે મજબૂત કિલ્લો છે તો એ રૂહુલ અમીન ﷺની ઝાત મુબારક કેવી હશે ?!

*–(મષ્નવી શરીફ, દફતર અવ્વલ)*

**શંકાનું નિવારણ** : અમુક લોકો એવું કહે છે કે આ તમામ હદીષો ઝઈફ છે. એમાં એક પણ સહીહ મરફૂઅ હદીષ નથી. જેમ કે મુહદ્દિષોએ આ હદીષોને લખીને ફર્માવ્યું : لا يصح في المرفوع (સહીહ મરફૂઅ હદીષ નથી) જેથી ઝઈફ હદીષોથી કેવી રીતે એક શરઈ મસ્અલો સાબિત થઈ શકે છે ?!

એના વિશે કેવળ એટલુ જણાવી દેવું પૂરતુ છે કે મુહદ્દિષોનું કોઈ હદીષના વિશે ફર્માવવું કે સહીહ નથી, તેનો એ અર્થ નથી થતો કે આ હદીષ બિલકુલ ગલત તથા બાતિલ છે, બલ્કે એનો મતલબ એ થાય છે કે આ હદીષ સહીહ હોવાની તે ઉચ્ચ કક્ષાએ નથી પહોંચી જેને મુહદ્દિષો પોતાની બોલીમાં સેહત (સહીહ)નો દરજો કહે છે. યાદ રાખશો, મુહદ્દિષોની બોલીમાં હદીષની સૌથી ઉચ્ચ કક્ષા (દરજો) સહીહ છે અને સૌથી નીચેનો દરજો મૌઝૂઅ (બનાવટી) છે અને મધ્યમાં ઘણા બધા પ્રકારો છે જે ક્રમસર દરજાઓમાં ગોઠવાયેલ છે. સહીહ પછી હસનનો દરજો છે જેથી સહીહ હોવાનો નકાર એ હસન હોવાનો નકાર હોવું લાઝિમ નથી થતુ. બલ્કે જો ઝઈફ પણ હોય તો પણ અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ ઈજમાઅની સાથે મક્બૂલ (સ્વીકાર્ય) છે અને આ હદીષોના વિશે لا يصح في المرفوع પેજ એટલે "આ સર્વ હદીષો હુઝૂર ﷺ સુધી મરફૂઅ થઈને સહીહ સાબિત નથી થતી" ફર્માવવું સાબિત કરે છે કે આ હદીષ મૌકૂફ સહીહ છે.

૨૦. જેમ કે અલ્લામા ઈમામ મુલ્લા અલી કારી رحمة الله عليه ફર્માવે છે :–

قُلْتُ وَاِذَا ثَبَتَ رَفْعُهٗ اِلَی الصِّدِّیْقِ رَضِیَ اللّٰهُ عَنْهُ فَیَكْفِیْ لِلْعَمَلِ بِهٖ لِقَوْلِهٖ عَلَیْهِ الصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكُمْ بِسُنَّتِیْ وَسُنَّةِ الْخُلَفَاءِ الرَّاشِدِیْنَ۔

"હું કહું છું કે જ્યારે આ હદીષનું રફઅ (પહોચવું) હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ સુધી સાબિત છે તો અમલના માટે પૂરતી છે, કેમ કે હુઝૂર ﷺનું ફર્માન છે કે હું તમારા પર લાઝિમ કરું છું મારી સુન્નત અને મારા ખુલફાએ રાશિદીનની સુન્નત." *(મૌઝૂઆતે કબીર, પેજ–૬૪)*

જાણવા મળ્યું કે હદીષે મૌકૂફ સહીહ છે, કેમ કે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ સુધી એની પહોંચ સાબિત છે. અને સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہની સુન્નત હુઝૂર ﷺની સુન્નત છે. જેમ કે વિરોધીઓના (દેવબંદીઓના) ગિરોહના સરદાર મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી તથા મોલ્વી રશીદ અહમદ ગંગોહી જણાવે છે, "જેના જાઈઝ હોવાની દલીલ ત્રણ યુગો (કુરૂને ષલાષા એટલે રસૂલ, સહાબા તથા તાબઈનનો યુગ)માં હોય ભલે પછી તે કામ પોતાના ખાસ સ્વરૂપમાં તે સમયે અમલમાં હોય કે ન હોય અને ભલે તેની જિન્સનું વજૂદ અમલ તરીકે હોય કે ન હોય, એ સૌ સુન્નત છે. *–(બરાહીને કાતિઅહ, પેજ–૨૮)*

સાબિત થયું કે મોલ્વી ગંગોહીની નજીક અઝાનમાં નામે અકદસ સાંભળીને અંગૂઠા ચૂમવા સુન્નત છે, કેમ કે મુલ્લા અલી કારીના લખાણથી કુરૂને ષલાષા (હુઝૂર, સહાબા તથા તાબઈનના સમય)માં તેની અસ્લ (દલીલ) મોહક્કક (નિશ્ચિત) થઈ ગઈ. પછી તેને બિદઅત વગેરે કહેવું નર્યી જહાલત તથા પૂર્વગ્રહ નથી તો બીજુ શું છે ?!

## અહલે સુન્નત ભાઈઓ ધ્યાન આપે !

મારા સુન્ની ભાઈઓ ! હોશમાં આવો ! સાવધાન થઈ જાવ ! આ દૌર ઘણો નાઝુક તથા ફિત્નાઓનો દૌર છે. સખ્ત આઝમાઈશનો સમય છે. બેદીની તથા બદઅકીદગીની આંધીઓ અને ગુમરાહીનાં તોફાન જોશમાં છે. જેથી પોતાના ઈમાન તથા અકીદાની ખૂબ હિફાઝત કરો અને બુઝુર્ગોને દીનના તરીકા પર

કાયમ રહો. ગૈરોની સોહબત તથા મજલિસ અને તકરીરો તથા સાહિત્યોથી દૂર રહો અને ઉલમાએ રબ્બાનીન, બુઝુર્ગાને દીન, સલફે સાલેહીનના હાલાતનો અભ્યાસ કરો અને તેમની કિતાબો ખૂબ પઢો અને નમાઝ રોઝાની પાબંદી કરો, દુરૂદો સલામ ખૂબ પ્રમાણમાં પઢો, સાદો સુથરો લિબાસ પહેરો, માથાંઓ પર ગૈરોની સ્ટાઈલના વાળ ન રાખો બલ્કે સુન્નતના પ્રમાણે રાખો, કોઈ કામિલ અલ્લાહવાળાની સોહબત અપનાવો જે સાચા અર્થમાં અલ્લાહવાળો હોય. આપસમાં ઈત્તેફાક તથા મહોબ્બતથી રહો. અલ્લાહ કરીમ તબારક વ તઆલા પોતાના હબીબ ﷺના તુફૈલ આપણને અહલે સુન્નત વ જમાઅતના અકીદા તથા અમલો પર કાયમ રાખે અને ખાત્મો ઈમાન પર ફર્માવે. આમીન ષુમ્મ આમીન બિહુમર્તિ સૈયદિલ મુરસલીન, રહમતુલ્લિલ્ આલમીન, શફીઉલ મુઝનબીન ﷺ

*તાલિબે દુઆ : મુહમ્મદશફીઅ ઓકાળવી ગુફિરલહૂ (કરાચી)*


## ફક્ત રૂા. ૩૦માં કિતાબ મંગાવો

કિતાબ : **પ્રો. તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં**

સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

પોતાના બયાનો તથા વાકચાતુર્યથી સામાન્ય પબ્લિકને આંજી દેનાર પ્રો. તાહિરુલ કાદરીની કેવી ગુમરાહીઓ છે તે જાણવા આ કિતાબ જરૂરથી મંગાવો.

પ્રકાશક : **બરકાતે ખ્વાજા મંથલી,** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કિતાબ મેળવવા રૂા. ૩૦ બેંક એકાઉન્ટમાં જમા કરો**
**અથવા પ્રકાશકના સરનામે M.O. કરો.**
**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
**A/c. No. 34620100000303 Razvi Kitab Ghar**
**IFSC Code : BARB0DAYADR**
**Mo. 9427464411 (PhonePe/Paytm)**

માનનીય વાંચકો !

યાદ રાખશો કે અઝાનમાં કે અઝાનના સિવાય અલ્લાહના હબીબ, રહમતે આલમ, નૂરે મુજસ્સમ, શફીએ મોઅઝ્ઝમ, હુઝૂરે અકરમ ﷺનું નામે નામી ઈસ્મે ગિરામી સાંભળીને ચૂમવું અને આંખોથી લગાડવું એ મહોબ્બતની નિશાની છે અને કિતાબના લખાણો પરથી તમારા પર સ્પષ્ટ થઈ ગયું કે વિના શંકાએ આ કાર્ય ન કેવળ જાઈઝ તથા મુસ્તહબ છે બલ્કે દુનિયા તથા આખેરતમાં રહમત તથા બરકતનો પણ સબબ છે, એ રીતે કે ફર્માને રસૂલ ﷺના પ્રમાણે આખોના સાજા રહેવું તથા ગુનાહોથી મગફેરતનો સબબ છે. અફસોસ ! સદ્ અફસોસ ! કે મહોબ્બત તથા તાઝીમે રસૂલના સબબે કરવામાં આવનારા આ સારા કામને ગલત તથા નાજાઈઝ ઠરાવી દેનાર લોકો એ નથી જોતા કે તેમણે મુસ્લિમ સમાજમાં એ લોકોની આવી વાતોથી ઈસ્લામી નિશાનીઓની તૌહીન તથા બેઅદબી તથા મશ્કરીના મોક઼ા લોકોને પૂરા પાડયા છે, જેના કારણે લોકો કેટલાયે નેક કામોને છોડીને બેરાહરવી અપનાવી રહ્યા છે. આવા લોકો અવામની એ બદ્અમલીઓનો સબબ બની રહ્યા છે અને એ બુરાઈઓનો વબાલ પોતાના માટે જમા કરી રહ્યા છે. અલ્લાહ તઆલા પોતાના પ્યારાઓના સદક઼ામાં નેકી પર અડગતા અને તેના પ્યારાઓની મહોબ્બતમાં કમાલનો દરજો અતા ફર્માવે.

*મુહ઼મ્મદ ﷺકી મહ઼બ્બત દીને હક઼્ક઼ કી શર્તે અવ્વલ હૈ*
*ઈસીમેં હો અગર ખામી તો સબ કુછ નામુકમ્મલ હૈ*

*–કૌકબ નૂરાની*

કિતાબ મંગાવો ! કિતાબ મંગાવો !

# બહારે શરીઅત

**લેખક : સદરુશ્શરીઅહ્ હઝરત અલ્લામા અમજદ અલી** رحمۃ اللہ علیہ

**અનુવાદકો** હઝરત સૈયદ ફ઼મરુદ્દીનબાવા કારંટવી | મર્હૂમ ડોસુભાઈ પહોંચીયા મોડાસ્વી

## પ્રથમ વિભાગ

- **ભાગ–૧ :** અક઼ીદા (અલ્લાહ, રસૂલ, વલી, ફરિશ્તા વગેરે વિશે) આલમે બરઝખ (ક઼બ્ર), ક઼યામત, જન્નત, જહન્નમ, કેટલાક બાતિલ ફ઼િર્ક઼ાઓ વગેરેનું બયાન.
- **ભાગ–૨ :** તહારત (પાકી) : વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝ, નિફાસ, ઈસ્તિન્જા વગેરેનું બયાન.
- **ભાગ–૩ :** નમાઝનું બયાન, નમાઝના ફઝાઈલ, ફર્ઝો, શર્તો, અઝાન, ઈમામત, જમાઅત, મસ્જિદ વગેરેનું બયાન.
- **ભાગ–૪ :** વિત્ર, નફ્લ, સુન્નતેં, નમાઝે ઈસ્તેખારા, સલાતુત્તસ્બીહ, કઝા નમાઝ, કઝાએ ઉમરી, સિજદએ સહવ, મુસાફિરની નમાઝ, જુમ્આ વગેરેનું બયાન.
- **ભાગ–૫ :** ઝકાતનું બયાન, ઝકાત ન દેનારના અઝાબ, સદક઼ાએ ફિત્ર, રોઝાનું બયાન, આશૂરાના ફઝાઈલ, અન્ય નફ્લ રોઝાઓ, એતેકાફ વગેરેનું બયાન.

## બીજો વિભાગ

- **ભાગ–૬ :** હજ્જ વિશે તથા ઝિયારતે રૌઝએ રસૂલ વિશે બયાન.
- **ભાગ–૭ :** નિકાહ વિશે, મેહરમો વિશે...વગેરેનું બયાન
- **ભાગ–૮ :** તલાક઼ વિશે બયાન, સોગ વિશે, ઔલાદની તર્બિયત વગેરે વિશે બયાન.
- **ભાગ–૯ :** ગુલામ આઝાદ કરવા વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ...વગેરે વિશે બયાન.
- **ભાગ–૧૦ :** લક઼ીતનું બયાન, ભાગીદારી, વક઼્ફનું બયાન, મસ્જિદ, ક઼બ્રસ્તાન વગેરેનું બયાન

**[પ્રથમ વિભાગ + બીજો વિભાગ]**

ટપાલ ખર્ચ રૂા. ૮૦/–

**એક સેટની કિંમત ₹450/-**

**નોંધ : છૂટક વિભાગ મળશે નહીં તેની ખાસ નોંધ લેવી.**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ,
પિન. ૩૯૨૦૨૦, ઈન્ડિયા (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧
(ઓ), ૨૮૦૧૯૨ (ઘર), ૨૮૦૨૯૨ (ઘર), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧